**તા. ૧૨/૭/૨૫ :** ગૌરીવ્રત ઉજવણીની ધો.૧ થી ૫ની વિદ્યાર્થીનીઓ દ્વારા ગૌરીપૂજન, ગૌરીગીત ગાઈને ઊજવણી કરવામાં આવી.






**તા. ૮/૮/૨૫ : રક્ષાબંધન** પર્વની ઊજવણી નિમિત્તે શાળામાં ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ ઉત્સવને અનુરૂપ ગીત ગવડાવ્યા. હેતલબેન પટેલે પર્વનું મહત્વ અને દંતકથા વિદ્યાર્થીઓને કહી, વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીને રાખડી બાંધી ઉત્સવને આનંદભેર ઉજવ્યો. તેના વિશે માહિતી આપી પટેલ હેતલબેન દ્વારા રક્ષાબંધનને લગતા પ્રસંગ બાળકો સમક્ષ વર્ણવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીને રાખડી બાંધી ઉત્સવને આનંદભેર ઉજવ્યો.





**તા. ૫/૮/૨૫ :** જન્માષ્ટમી પર્વની ઊજવણી નિમિત્તે ધો. ૫ ના વિદ્યાર્થીઓ દ્વારા કૃષ્ણ જન્મોત્સવનું નાટક રજૂ કરવામાં આવ્યુ. તેમજ વિદ્યાર્થીનીઓએ કૃષ્ણના વિવિધ ગીતો પર ડાન્સ કર્યો. કન્વી. શિક્ષક સંધ્યાબેને કૃષ્ણલીલાઓ વિશે બાળકોને સમજ આપી.





**તા. ૧૫/૮/૨૫ : જિલ્લા કક્ષાની ઉજવણી ૧૫મી ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ વાલીયા મુકામે સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ (વન, પર્યાવરણ, કલાઇમેટ ચેન્જ, જળ સંપતિ અને પાણી પુરવઠા) ના વરદ્ હસ્તે રાજયકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૪ સર્જનાત્મક કામગીરી સ્પર્ધા "અ વિભાગ" માં પ્રથમ ક્રમ** પ્રાપ્ત કરવા બદલ વસાવા ભવ્યા અક્ષયકુમારને સન્માનિત કરવામાં આવ્યા.




**દરેક દિવસે જીત તો નથી થતી પણ દરેક દિવસે કરેલી મહેનત જીત તરફ લઈ જાય છે.**

**તા. ૪/૯/૨૫ : શિક્ષકદિન** નિમિત્તે ધો. ૫-અ/બ ના વિદ્યાર્થીઓ દ્વારા **"સ્વશાસન" દિનની ઊજવણી** કરી જેમાં ૩૩ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષકની એક દિવસની ભૂમિકામાં સુંદર અધ્યયન - અધ્યાપન કાર્ય કર્યુ. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.




